સરદાર પટેલ એજ્યુકેશન ફાઉન્ડેશન,ડીસા સંચાલિત

# ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,ડીસા.

એમ.એ.સેમ.- ૪ વિષય - ગુજરાતી CC-403 અપઠિત

વર્ષ : ૨૦૨૦

પ્રો.આશાબેન આર.ચૌધરી

---

## અપઠિત MCQ

૧, ‘‘નથી જાણ્યું અમારે પંથ શી આફત પડી છે,
ખબર છે એટલી કે મોતની હાકલ પડી છે’’ ! આ પંકિત કોની છે ?
- ઝવેરચંદ મેઘાણી

૨, અમેરીકાએ જાપાનના નાગાસાકી અને હિરોશીમા શહેરો પર કયા વિશ્વયુધ્ધ દરમ્યાન અણુંબોમ્બ નાખ્યા હતા ?
- બીજા

૩, ‘વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી, માથે ધરું ધૂળ વસુંધરાની’ આ પંકિત કયા કવિની છે ?
- ઉમાશંકર જોષી

૪, ‘શિક્ષક કભી સાધારણ નહિ હોતા, સર્જન ઔર પ્રલય ઉસકી ગોદમેં પલતે હૈં’ આ વાકય કોનું છે ?
- ચાણકય

૫, મને માત્ર એકહજાર નિષ્ઠાવાન અને સમર્પિત યુવાનો આપો તો હું આખા દેશની શિકલ બદલી આપીશ.
આવું કોણ કહે છે ?
- સ્વામી વિવેકાનંદ

૬, ‘અનાવૃષ્ટિ’ એટલે શું ?
- વરસાદ ન થવો. (દુષ્કાળ)

૭, ‘અતિવૃષ્ટિ’ એટલે શું ?
- વધુ વરસાદ થવો.

૮, દુષ્કાળનું વર્ણન કઈ નવલકથામાં છે?
- માનવીની ભવાઇ , પનાલાલ પટેલકૃત

૯, ‘જિંદગીમાં ભીખ કરતાયે ભૂખ ભૂંડી છે’! કયા પુસ્તકની પંકિત છે.
- માનવીની ભાવાઇ

૧૦, હે પભુ ! મનેખનાં જણ્યાંની આ દશાં ?
આ છે કાળનોય કાળ દુષ્કાળ. આ પંકિત કયા પુસ્તકની છે.
- માનવીની ભવાઇ

૧૧, ગુજરાતના કચ્છમાં વિનાશક ભૂકંપ કયારે આવ્યો હતો ?
- ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ સવારે ૮.૪૫ કલાકે

૧૨, સુનામીનો શું અર્થ થાય છે?
- સુનામીનો મૂળ શબ્દ ‘ત્સુનામી ’ છે તે જાપાનીઝ ભાષાનો છે. ત્સુ એટલે બંદર અને નામી એટલે મોજું

૧૩, ભૂકંપથી સર્જાતા સુનામીને શું કહે છે?
- સાઇઝિમિક સી વેવ્ઝ

૧૪, સંહારી જીર્ણતાને સરજન નવલાં
કાજ માગી ઉઘાડું,
પૃથ્વીનાં ફેફસામાં પ્રતિસમય રહું,
પુરું હું પ્રાણવાયું. આ ભૂકંપ કાવ્યના રચયિતા કોણ છે ?
- મનસુખલાલ ઝવેરી

૧૫, કચ્છનો ભૂકંપ કેટલા રિકટર સ્કેલનો હતો ?
- ૭.૭

૧૬, દહેજને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
- વાંકડો, પૈઠણ, કરિયાવર વગેરે

૧૭, ગાંધીજીને કયાં પુસ્તકમાંથી પ્રેરણા મળી હતી ?
- રસ્કિનના Unto The Last

૧૮, કોરોના રોગનો ઉદ્‌ભવ કયાંથી થયો છે?
- ચીનના વુહાન શહેરમાંથી

૧૯, કોરોના વાઇરસનું નામ શું છે?
- કોવિડ-૧૯ Covid-19

૨૦, કોવિડ-૧૯ નું પુંરું નામ શું છે ?
- કોરોના વાયરસ ડીસીસ – ૨૦૧૯

૨૧, ચીનમાં પ્રથમ કેશ ?
- ડીસેમ્બર ૨૦૧૯

૨૨, ભારતમાં પ્રથમ કેશ ?
- ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ કેરાલામાં

૨૩, ગુજરાતમાં પ્રથમ કેસ ?
- ૧૯ માર્ચ ૨૦૨૦ રાજકોટ અને સુરતમાં

૨૪, ગુજરાતમાં ડેવલપ કરેલું વેન્ટીલેટરનું નામ ?
- 'ધમણ' રાજકોટમાં

૨૫, વેકિસન બનાવવાનો દાવો કરનાર પ્રથમ દેશ કયો ?
- રશિયા રસીનું નામ- સ્પુટનિક- વી

૨૬, વેકિસનનો પ્રથમ ડોઝ આપવામાં આવેલ વ્યકિત ?
- ચેકેટરીના પુતિના - રશિયન રાષ્ટ્રપતિની પુત્રી

૨૭, કોરોનાથી સ્વસ્થ થયેલ વ્યકિતનું બ્લડ (સીરમ) બીજા વ્યકિતને આપી સ્વસ્થ કરવાની પધ્ધતિ ?
- પ્લાઝમા થેરાપી

૨૮, ભારતમાં બનનાર વેકિસનનું નામ ?
- ૧. કોવેકસીન ૨. જાયકોવ-ડી

૨૯, દુનિયામાં સૌથી વધારે કોરોનાના કેશ?
- ભારતમાં

૩૦, કુદરતી આપત્તિમાં બચાવ કામગીરી કરતો વિભાગ ?
- N.D.R.F. ભારત સરકાર
- S.D.R.F. ગુજરાત સરકાર

૩૧, ગુજરાતમાં ગધનો શુભારંભ કોણે કર્યો ?
- નર્મદ

૩૨, 'બૂમ કાગળમાં કોરાં' આ કવિતા સંગ્રહ કોનો છે? તે શાના વિશે છે?
- કવી શ્રી લાભશંકર ઠાકર , તે શબ્દ વિશે છે.

૩૩, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રેમલક્ષણાભકિતના પ્રમુખ કવિઓ કયા કયા છે ?
- નરસિંહ , મીરાં , દયારામ વગેરે

૩૪, પ્રેમલક્ષણાભકિતમાં કેન્દ્રમાં કયા દેવ છે ?
- કૃષ્ણ

૩૫, કે.કા.શાસ્ત્રી કયા સમયગાળાને આખ્યાનયુગ તરીકે ઓળખાવે છે ?
- ઇ.સ. ૧૫૧૯ થી ૧૬૯૪

૩૬, આખ્યાનના બહિરંગ કલેવરમાં કોનો સમાવેશ થાય છે ?
- કડવું , મુખબંધ , ઢાળ , વલણ કે ઉથલા

૩૭, આખ્યાનનો પ્રારંભ શાનાથી થાય છે ?
- ઇષ્ટદેવની સ્તુતિ, પ્રાર્થના , વંદનાથી

૩૮, આખ્યાનનું કથાવસ્તુ કેવું હોય છે ?
- લોકખ્યાત , લોકપ્રસિધ્ધ

૩૯, સહજ સહજ સબ હી કહે , સહજ ન ચીન્હે કોઇ,
જિન સહજ વિષયા તજી, સહજ કહી જૈ સોઇ - આ પંક્તિ કોની છે ?
- કબીરની
૪૦, કયા કવિને અખાની નાની આવૃત્તિ ગણવામાં આવે છે ?
- ભોજાને
૪૧, ગરબા-ગરબી કયા નૃત્યના પ્રકારો છે ?
- સંઘનૃત્ય
૪૨, ગરબો શબ્દ કયા સંસ્કૃત શબ્દ પરથી આવ્યો હોવાનું મનાય છે ?
- गर्भदीपः ગર્ભદીપ
૪૩, ગરબો અને ગરબીના કાવ્યસ્વરૂપમાં શો ભેદ છે ?
- ગરબો વર્ણનાત્મક હોય છે, ગરબી ઊર્મિકાવ્ય સ્વરૂપ છે.
૪૪, ગુજરાતીમાં સૌપ્રથમ ગદ્ય નિબંધ કોના મળે છે ?
- દલપતરામના ઇ.સ. ૧૮૫૦ માં ભૂત નિબંધ લખ્યો.
૪૫, સવાઇ ગુજરાતીનું બીરુદ કોને આપવામાં આવેલું છે ?
- કાકા કાલેલકરને
૪૬, ઉમાશંકર જોષીના કયા બે નિબંધ સંગ્રહો છે ?
- ગોષ્ઠિ અને ઉઘાડી બારી
૪૭, ઉશનસ્ એ કયા કવિનું ઉપનામ છે ?
- નટવરલાલ પંડયા
૪૮, ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સામે
તમને ફૂલ દીધાનું યાદ - આ કાવ્ય પંક્તિ કોની છે ?
- રમેશ પારેખ
૪૯, મળે ન મળે પ્રસિધ્ધ ગઝલના કવિ કોણ છે ?
- આદિલ મનસૂરી
૫૦, સમી સાંજનો ઢોલ ઢબૂકતો
જાન ઊઘલતી મ્હાલે - આ કન્યાવિદાય ગીતના રચયિતા કોણ છે ?
- અનિલ જોષી (કદાચ)
૫૧, યુગવંદના કાવ્યસંગ્રહના લેખક કોણ છે ?
- ઝવેરચંદ મેઘાણી
૫૨, શિવાજીનું હાલરડું કાવ્યનો મુખ્ય રસ કયો છે ?
- વીરરસ
૫૩, મત્લા અને મક્તા શબ્દો કયા કાવ્ય સ્વરૂપના છે ?
- ગઝલ
૫૪, 'ઇન્ધણા વીણવા ગઇતી' કાવ્ય પંક્તિ કોની છે ?
- રાજેન્દ્ર શાહ
૫૫, રાષ્ટ્રીય શાયર તરીકે કોણ જાણીતા છે ?
- ઝવેરચંદ મેઘાણી
૫૬, 'છેલ્લો કટોરો' કાવ્ય કયા કાવ્યસંગ્રહમાં છે ?
- યુગવંદના
૫૭, 'મોગરો' કોનું કાવ્ય છે ?
- બળવંતરાય ઠાકોર
૫૮, બળવંતરાય ઠાકોર કયા કાવ્સ્વરૂપ માટે જાણીતા છે ?
- સોનેટ
૫૯, કવિ કલાપીનું મૂળ નામ શું છે ?
- સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ
૬૦, ભોમિયો કોનું કાવ્ય છે ?
- ઉમાશંકર જાષી

૬૧, ઇર્શાદ કયા કવિનું ઉપનામ છે ?
- ચિનુ મોદી

૬૨, રમેશ પારેખ કયા કાવ્યસ્વરૂપ માટે જાણીતા છે ?
- ગીત

૬૩, નરસિંહ મહેતા કયા સમય-કાળના કવિ ગણાય ?
- મધ્યકાળ

૬૪, રૂડી ને રંગીલી રે વાલા તારી મોરલી, કોની પંકિત છે ?
- મીરાંબાઇ

૬૫, આતંકવાદ વિશેના નિબંધને શામાં ગણી શકાય ?
- વર્તમાન પ્રવાહ

૬૬, ભૂકંપ વિશેના નિબંધને શામાં ગણી શકાય ?
- કુદરતી આપત્તિ

૬૭, કુદરતી આપત્તિ વિશેના નિબંધમાં કોનો કોનો સમાવેશ કરી શકાય ?
- પૂર , વાવાઝોડું , અતિવૃષ્ટિ વગેરે

૬૮, ચૂંટણીમાં જાતિવાદ વિશેનો નિબંધ કયા પ્રવાહમાં ગણાય ?
- વર્તમાન પ્રવાહ

૬૯, મારો પ્રિય લેખક નિબંધ શામાં ગણાય ?
- સાહિત્યિક નિબંધ

૭૦, મધ્યકાલીન ભકિતકવિતા નિબંધ શામાં ગણાય ?
- સાહિત્યિક નિબંધ

૭૧, આજની શિક્ષણ વ્યવસ્થા વિશેનો નિબંધ કયા પ્રવાહમાં આવે ?
- વર્તમાન પ્રવાહ

૭૨, અંગ્રેજી ફકરાનું ગુજરાતીમાં ભાષાન્તર કયા પુસ્તકના આધારે પૂછાય છે ?
- જજમેન્ટ ઇન લિટરેચર

૭૩, જજમેન્ટ ઇન લિટરેચરના કયા પ્રકરણમાંથી પૂછાય છે ?
- પ્રથમ

૭૪, અંગ્રજી ફકરાને બરાબર સમજવા માટે શું જરૂરી છે ?
- અંગ્રેજી વ્યાકરણ

૭૫, 'છંદોલય' કાવ્ય સંગ્રહના રચયિતા કોણ છે ?
- નિરંજન ભગત

૭૬, 'વિદાય' શીર્ષકવાળાં ગુજરાતીમાં કયા બે કવીઓએ સોનેટ કાવ્યો રચ્યા છે ?
- નિરંજન ભગત અને પ્રહલાદ પારેખ

૭૭, "અમે રે સૂકું રૂનું પૂમડું,
તમે અંતર રંગીલા રસદાર" ... આ પંકિત કોની અને કયા કાવ્યની છે ?
- મકરંદ દવેના 'આવો' કાવ્યની

૭૮, 'મારી આંખે કંકુના સુરજ આથમ્યા' ... આ કાવ્યના કવિ કોણ છે ?
- રાવજી પટેલ

૭૯, રાજેન્દ્રશાહના પ્રથમ કાવ્ય સંગ્રહનું નામ શું છે ?
- 'ધ્વનિ'

૮૦, 'નમેલી સાંજ' કોનો કાવ્ય સંગ્રહ છે ?
- હસમુખ પાઠક

૮૧, 'પાન લીલું જોયુંને તમે યાદ આવ્યા' ... આ પંકિત કોની છે ?
- હરિન્દ્ર દવે.

૮૨, "પકડો કલમને કોઇ પળે એમ પણ બને,
આ હાથ આખે આખો બળે એમ પણ બને" ! આના સર્જક કોણ છે ?
- મનોજ ખંડેરીયા

૮૩, 'પૃથ્વીના આ છેડે' કાવ્ય સંગ્રહ કોનો છે ?

- રાજેન્દ્ર પંડયા

૮૪, સદ્‌વિદ્યા રત્ન વિશાળ છે, વિદ્યાથી વડુ નહીં કશું !
સદ્‌વિદ્યા આગળ ધન કશું ? વિદ્યાવિહિન નર તે પશુ. - આ પંક્તિમાં શામળ ભટ્ટ કોનો મહિમા ગાય છે ?

- વિદ્યાનો

૮૫, સંપત ગઇ તે સાંપડે,
ગયાં વળે વહાણ,
ગત અવસર આવે નહીં,
ગયા ન આવે પ્રાણ. - આ પંકિતમાં કવિ કોનું મૂલ્ય સમજાવે છે ?

- અવસર , સમયનું

૮૬, મનવા પર ઘર પહોંચીને દુ:ખ ન કહીએ રોઇ,
માન ગુમાવીએ આપણું વ્હેંચી ન લેતું કોઇ. - આ પંક્તિમાં કવિ શું શિખામણ આપે છે ?

- જ્યાં ત્યાં દુ:ખનાં રોદણાં ના રોવાં

૮૭, મોટાઓની અલ્પતા જોઇ થાકયો
નાનાની મોટાઇ જોઇ જીવું છું. - આ પંકિત કોની છે ?

- ઉમાશંકર જોશી

૮૮, તને મેં ઝંખી છે,
યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી - દોઢ પંક્તિનું આ કોનું મુક્તક છે ?

- સુંદરમ્

૮૯, 'જગની સર્વ કડીઓમાં સ્નેહની સર્વથી વડી' - આ પંકિતમાં સુદરમ્ કોનો મહિમા ગાય છે ?

- સ્નેહનો, પ્રેમનો.

૯૦, 'માનવી પશુ ન બને તો એને શસ્ત્રની જરૂર શી છે ? – આ પંકિત કોની છે ? અને કઇ નવલકથાની છે ?

- રમણલાલ વી. દેસાઇની ભારેલો અગ્નિની

૯૧, 'નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન' – આ પંક્તિમાં કવિ શાની વાત કરે છે ?

- ઊંચું ધ્યેય રાખવાની

૯૨, સમુહ માધ્યમોમાં કોનો સમાવેશ થાય છે ?

- રંગભૂમિ, વર્તમાનપત્રો, આકાશવાણી, ચિત્રપટ અને દૂરદર્શન.

૯૩, નરસિંહ થી દયારામ સુધીના યુગને કયા યુગ તરીકે ઓળખવામાં આવે છે ?

- મધ્યકાલીન યુગ

૯૪, એક શાળા ઊઘડે છે ત્યારે દસ જેલો બંધ થાય છે. - આ પંકિતમાં શાનું મહત્વ સૂચવાયું છે ?

- શિક્ષણનું

૯૫, માનવ સંસાધન મંત્રાલય ને હવેથી કયા નામથી ઓળખવામાં આવશે ?

- શિક્ષણ મંત્રાલય

૯૬, ભારતમાં નવી શિક્ષણ નીતિ કયારે જાહેર કરવામાં આવી ?

- ૨૯ જુલાઇ ૨૦૨૦

૯૭, નવી શિક્ષણ નીતિ કોના અધ્યક્ષ સ્થાને તૈયાર કરવામાં આવી છે ?

- કૃષ્ણસ્વામી કસ્તુરીરંજનના

૯૮, નવી શિક્ષણ નીતિના પાયામાં કઇ મુખ્ય ત્રણ બાબતો છે ?

- અ) પૂર્ણમાનવ ક્ષમતાને પ્રાપ્ત કરવી
- બ) ન્યાય પૂર્ણ સમાજરચના
- ક) રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ

૯૯, નવી શિક્ષણ નીતિમાં શિક્ષણ કોના કેન્દ્રિત છે ?

- વિધ્યાર્થી કેન્દ્રિત

૧૦૦, નવી શિક્ષણ નીતિમાં શિક્ષકે વિધાર્થીને શું શિખવવાનું છે ?

- શિખતા શિખવવાનું છે.